# દીલ હૈ કી માનતા નહીં..

-- હરનીશ જાની

મારે દોઢ વરસમાં ચાર એન્જીયોપ્લાસ્ટી અને એક બાયપાસ સર્જરી કરાવવી પડી. પહેલીવાર હાર્ટ ઍટેક આવ્યો. હૉસ્પીટલમાં જવું પડ્યું. મારી માંદગી એક સમાચાર બની ગઈ. પેપરમાં છપાયું. આપણે ખુશ થયા. પરંતુ તેથી દરદમાં કાંઈ ફેર ન પડ્યો. અને જે લોકોને મળવા નહોતું આવવું, તેમને બહાનું મળ્યું કે અમારા  વાંચવામાં નહોતું આવ્યું. મેં તેમને જણાવ્યું કે, 'ન અવાયું તેનો વસવસો ન રાખતા. તમારાથી હૉસ્પીટલમાં આવી શકાય એટલે ખાસ બીજી વાર પણ જઈશ.' ગયા મહીને મારી પાંચમી એન્જીયોપ્લાસ્ટી કરાવવી પડી. હૉસ્પીટલમાં જવાની આગલી સાંજે, મારા દીકરાએ કહ્યું કે, "ડેડી, હું મારી જૉબ પરથી રજા ન લઉં તો ચાલે?" મેં કહ્યું, "બેટા, તારે રજા ન લેવી હોય તો વાંધો નથી." એ સાંભળીને મારી પત્ની હંસા બોલી, "જો ને, હું તને સવારે નવ વાગે હૉસ્પીટલ પર ઉતારીને મારી જૉબ પર જાઉં તો કેવું? સાંજે પાંચ વાગે તો તું રુમમાં પાછો આવી ગયો હોઈશ." મેં કહ્યું કે, "હું ઑપરેશન માટે જઉં છું . કાંઈ વાળ કપાવવા નથી જતો". ઘરનાંને એમ કે મને તો ટેવ પડી ગઈ છે.

ઘણા મીત્રો તો હમેશાં કહેતાં કે હવે પછી હૉસ્પીટલમાં જવાના હો તો જણાવજો. ગયે વખતે અમે રહી ગયાં હતાં. મારી પત્નીની બહેનપણી પ્રતીમા તો નીયમીત પુછે કે, "સાંભળ્યું કે તમે પાછી અન્જીયો કરાવી?". દરેક વખતે હું કહું કે, "પ્રતીમાબહેન, લાગે છે કે કોઈકે અફવા ફેલાવી છે." પ્રતીમાબહેન પછી ઉમેરે કે, "તમારા માટે હું અને કૌશીક ફ્લાવર લઈને આવીશું." હું કહું કે, "પ્રતીમાબહેન મને ફ્લાવરનો શોખ નથી. એકાદ પુસ્તક લઈને આવજો." તે કહે, "તમારી પાસે બુકો તો ઘણી છે. બુકે પણ રાખો. ગમશે." મારા મીત્ર  સુરેનભાઈ એકે વખત હૉસ્પીટલમાં આવી શક્યા નથી. છ મહીના પહેલાં મારે ત્યાં આવ્યા અને મને એક સીડી પ્લેયર અને ક્લાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટલ સીડીનો સેટ ભેટ આપ્યો. બૉક્સ ખોલવાની ના પાડી. તેમનું માનવું હતું કે આ તો દીલનો મામલો છે. પાછો હાર્ટ ઍટેક આવે અને એમને જણાવવાનો મને ટાઈમ પણ ન મળે અને હું તેમની શુભેચ્છા વીના રહી ન જાઉં. હૉસ્પીટલની પથારીમાં એમનું મ્યુઝીક સાંભળું અને એમને યાદ કરું. મારા દીકરાએ મારા હાર્ટ ઍટેકની રાહ જોયા વીના તે સીડી પ્લેયર વાપરવા માંડ્યું ! અમારા મીત્ર અરવીંદભાઈ અને રેણુબહેનને મારી પહેલી એન્જીયો પછી મગજ શાંત રહે તે માટે રામાનંદ સાગરનો રામાયણનો પોતાનો વસાવેલો ડીવીડી સેટ ઉછીનો આપ્યો. રામાયણ જોવાઈ રહે તે પહેલાં મારે હૉસ્પીટલમાં બીજી વાર જવાનું થયું. "જાની, તમે રામાયણ પુરું કરો. પાછું આપવાની ચીંતા ન કરો." પછી બાયપાસ સર્જરી કરાવી. ત્યાર પછી મારી હાલત સારી નહોતી. એવી હાલતમાં જો રામાયણ પાછું માગે અને મને કદાચ દુઃખ થાય અને પાછો હાર્ટ ઍટેક આવે તો? એટલે એમણે રામાયણ, મને કૃષ્ણાર્પણ કર્યું.

મારી બાયપાસ સર્જરી  પછી ઘણાં મીત્રોએ મારી તબીયતની ચીંતા વ્યક્ત કરી. મારે શું ખાવું અને શું ન ખાવું એની સલાહ આપી. લગભગ દરેક જણે મને હમેશાં કહ્યું છે કે વજન ઉતારો. નહીં તો પાછા પછડાશો. ઘણા તો : "જુઓ, મેં તમને નહોતું કહ્યું?"  એમ કહેવા માટે ફોન કરીને જાણી લે કે હું કયાં છું. આ બધાં, ટીવી પર કયા શેર ખરીદવા અને કયા શેર વેચવા એની સલાહ આપતા શેરબજારના  દલાલો જેવા છે. ભાઈ તને એટલું જ્ઞાન છે તો તું શૅર-સ્ટૉકના ધંધામાં પૈસાદાર થઈ જાને!

મારી ચીંતા કરનારા બે મીત્રોને તો પોતાને હાર્ટ ઍટેક આવી ગયા! મારા ડૉ. વાડકર મારી સારવાર કરતાં કરતાં સ્વધામ પહોંચ્યા. શરીરે પાતળા હતા; પરંતુ બીડી અને સ્કૉચના પ્રેમે તેમને હાર્ટ ઍટેક આપ્યો . પરંતુ જયારે નવા ડૉ.પટેલે મને ડૉક્ટર બદલવાનું કારણ પુછ્યું ત્યારે જુઠું બોલવું પડ્યું. મારા પહેલા ડૉક્ટર મારી સારવાર કરતાં કરતાં મરી ગયા એમ કહેવાની હીંમત નહોતી. એટલે કહ્યું કે, “હવે મારા ગામમાંથી તેઓ મોટા ગામમાં ગયા છે.” દશ વરસ પહેલાં જયારે હું તંદુરસ્ત હતો અને ડૉ. વાડકર પાસે ગયો હતો; ત્યારે મેં ડૉક્ટર બદલવાનાં કારણમાં સાચું કહ્યું હતું કે, “મારા અમેરીકન ડૉ. કાસ્કેને હાર્ટ ઍટેક આવ્યો હતો અને એ સ્વધામ પહોંચી ગયા છે.” હવે આ બધી વાતો પટેલ સાહેબને કહેવાનો અર્થ નહોતો. સવારે શું થવાનું છે એ જાનકીનાથને જ ખબર નહોતી તો ડૉક્ટરનો શો હીસાબ!

સેંટ ફ્રાંસીસ હૉસ્પીટલનો સ્ટાફ મારાથી થાકી ગયો હતો. સામાન્ય રીતે મોટા ભાગના દરદીઓ જીવનમાં એકાદવાર હૉસ્પીટલમાં જાય. એટલે એમને દરદીને મળતી સવલતો સાથે બહુ નીસ્બત ન હોય. પરંતુ હું તો હવે “રેગ્યુલર વીઝીટર”ના લીસ્ટમાં ગણાઉં! હું તો કીચનનું મેન્યુ મંગાવી ફુડનો ઑર્ડર પણ કરતો. આપણું હાર્ટ નબળું હતું ; પરંતુ પેટ તો તંદુરસ્ત હતું ! રુમમાં કેબલ ટીવીનું કનેક્શન માંગતો. છાતીમાં પ્રોબ્લેમ હતો; આંખોમાં નહીં. ઑપરેશન-રુમની તો વાત જ અલગ હતી. નસીબવાળા જ ચાલતાં ચાલતાં ઑપરેશન-રુમમાં જાય. આપણે ભડવીરની જેમ ચાલતા ગયા. પત્ની કહે કે, ‘રામનું નામ લે’. મેં કહ્યું કે, ‘હવે આ ઘડીએ રામનું નામ લઉં તો રામજી ઓળખે નહીં અને મારી પાસે આઈડી કાર્ડ માંગે’. ઑપરેશન દરમીયાન શરીર પર એકે કપડું કે એકે વાળ ન હોવો જોઈએ. દરેક વખતે એ કામ જેનીફર નામની નર્સ કરતી. છેલ્લે જ્યારે ગયો ત્યારે મેં જેનીફરને કહ્યું કે, “મને તૈયાર કરવાનો લાભ દર વખતે તું એકલી લે તે ન ચાલે. આ નેન્સીને પણ મારા કપડાં કાઢવાની તક આપ.”

છેલ્લે મને એક વાતની ખબર પડી કે દરદીના ઑપરેશન વખતે ટેબલની આજુબાજુ શી વાતો થાય છે. એનેસ્થેશીયાને લીધે મારું શરીર બહેરું હતું; પરંતુ મારું મગજ સતેજ હતું. ડૉક્ટર પટેલ લંડનના છે. તાજેતરમાં જ લંડન ફરી આવ્યા હતા. તેમની સાથે મારા ઑપરેશન દરમીયાન જેનીફર અને નેન્સી ન્યુ યૉર્ક અને લંડનના ટ્રાફીકની વાતો કરતાં હતાં. મારાથી બોલ્યા સીવાય ન રહેવાયું, “ડૉક્ટર સાહેબ, મારા દીલનો ટ્રાફીક જામ થયો છે. એને બરાબર દોડતો કરી દો.” હવે સમજાયું કે દરદીઓના પેટમાં કાતર કેમ રહી જાય છે! ડૉક્ટર પટેલને મેં પુછ્યું કે, “મને કાંઈ થાય તો નહી ને!” ડૉક્ટર કહે કે, “દર વખતે તો તમે લાંબું જીવવાની ઈચ્છા દર્શાવતા નથી. અને આ વખતે આમ કેમ?“ મેં કહ્યું કે, “ ઐશ્વર્યા રાયને છેવટે કોણ લઈ જાય છે એ જોવાની ઈચ્છા છે.”

છેલ્લે, ઑપરેશન થીયેટરમાંથી મને રુમમાં લાવ્યા. ત્યારે મારા ટેબલ ઉપર ફુલોનો સુંદર ગુલદસ્તો પડ્યો હતો. જોઈને હું ખુશ થયો. કોનો હશે તે વીચારું ત્યાં નર્સ બોલી, “હૉસ્પીટલની બાજુમાં આવેલા ફ્યુનરલ હોમમાંથી, દીલના દરદીઓને માટે મોકલવામાં આવે છે.”

-- હરનીશ જાની

સંપર્ક: Harnish Jani, 4- Pleasant Drive, Yardville -NJ-08620-USA Phone-609-585-0861
eMail : harnish5@yahoo.com



## લેખક-પરીચય

### સ્વપરીચય

મારો લખેલો લેખ એ જ મારો પરીચય. હું લખું છું દીલથી, બોલું છું દીલથી અને જીવું છુંય દીલથી. અમદાવાદથી મુંબઈ દોડતા ગુજરાત એક્સપ્રેસનું હું સંતાન છું, તેથી માણસ ભુખ્યો છું. વાતો ગમે છે. માણસો ગમે છે. બહુ બધું ગુજરાતી સાહીત્ય વાંચ્યું નથી; એટલે મારી વાતોમાં કે મારાં લખાણોમાં ભારેખમ શબ્દો હોતા નથી કે અવતરણો આવતાં નથી. સંસ્કૃત-પ્રચુર ગુજરાતી લખતા લેખકોને, અંગ્રેજી-પ્રચુર ગુજરાતી લખતા લેખકો જેટલા જ દોષી માનું છું. લોકો જે ભાષા બોલતા હોય એમાં લખાય તો મારા જેવાને વાંચવાની મઝા આવે. હું કહું છું કે ઘણાની જીવનકથામાં વાર્તાઓ છે અને મારી વાતો અને વાર્તાઓમાં જીવનકથા છે.

દીલથી વાંચતા સૌ વાચકોનો દીલથી આભાર..**હરનીશ જાની..**


*અમે હરનીશભાઈને જાતે જ પોતાનો પરીચય લખી આપવા જણાવ્યું. તેમણે તરત જ લખી મોકલ્યો. હવે તેમણે આપેલા પોતાના પરીચય પછી પણ અમારે કહેવાનું કે એમનું નામ 'હરખનીશ' હશે તેનું 'હરનીશ' બની ગયું લાગે છે. હરનીશ જાની એવી જુજ વ્યક્તીઓમાંની એક છે જેને એક વાર મળ્યા પછી વારંવાર મળવું ગમે. તેમની ઉપસ્થીતીથી આનંદ, કીલ્લોલ, અને હાસ્યના ફુવારા મહેકી ઉઠે.. રાજપીપળાના વતની અને પોલીમર સાયંસના ઈજનેર હરનીશભાઈ કુશળ વાર્તાકાર છે અને વર્ષોથી અમેરીકામાં વસ્યા છે. 'સુધન' તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ, જેણે ભાવકો અને તજ્જ્ઞોમાં તેમની આગવી ઓળખ ઉભી કરી આપી છે,*

*હરનીશ જાનીને થયેલી એક બાયપાસ સર્જરી અને ચાર વેળાની એન્જોયપ્લાસ્ટીને, અમણે દુઝણી ગાય બનાવીને પાળી છે અને મન ચાહે ત્યારે તેની પાસે પાનો મુકાવવામાં તેઓ જબરા માહેર છે. દીલના દરીયાવ, મનના મોજી, વાતોના ભંડારી, આતીથ્યમાં ઉમંગી અને માણસ-ભુખ્યા હરનીશભાઈ એન્જોયપ્લાસ્ટીને પણ એન્જોય કરે અને એન્જોય કરાવવાનું ચુકે નહીં. અમને એક દીલદાર દોસ્ત સાંપડ્યાનો આનંદ છે...*

--રતીલાલ ચંદરયા(હાલ:કેનેડા) બળવંત પટેલ(ગાંધીનગર) અને ઉત્તમગજ્જર(સુરત)

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક **'સન્ડે ઈ-મહેફીલ '** માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **'હોસ્પીટલમાં..'** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
web site : www.ameamericanamdavadi.com



આમ તો બે ચાર દીવસ હોસ્પીટલમાં વધારે રાખવાના હતા..,
પણ પછી ડોક્ટરે ચાર દીવસમાંજ રજા આપી દીધી.., જુવાન
નર્સોનો પણ વીચાર કરવાનો ને?

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૭૨ -- ઑક્ટોબર ૨૨, ૨૦૦૬

'વીદેશ સર્જનોત્સવ' સમાપ્તી

## ...અને હવે છેલ્લે...

આજની આ મહેફીલ સાથે 'વીદેશ સર્જનોત્સવ' સમાપ્ત થાય છે. તે સરસ રીતે સંપન્ન થયો તે અમારે માટે ખુબ આનંદ અને સંતોષની વાત છે, મહેફીલનું બીજું વર્ષ આવા એક સરસ અને કંઈક અંશે નવતર ઉપક્રમથી શરુ થયું તેની અમારી ખુશાલીની પ્રતીતી કયા શબ્દોમાં કરાવીએ? મોટો લાભ તો સારી એવી સંખ્યામાં સર્જકો અને મોટી સંખ્યામાં ભાવક મીત્રો સાંપડ્યા એ જ છે. એકવીસ સપ્તાહ ચાલેલી આ **'વીદેશ સર્જનોત્સવ સન્ડે ઈ-મહેફીલ'**માં; સર્વ શ્રી. ડૉ. નીલેશ રાણા, હરનીશ જાની, વીરાફ કાપડીયા, કીશોર રાવળ, ભદ્રા વડગામા, નટવર ગાંધી, કનક રાવળ, વીજય શાહ, સુચી વ્યાસ, ડૉ. વસુધા ઈનામદાર, પ્રીતી સેનગુપ્તા, મધુરાય, 'રસીક મેઘાણી', ઈન્દ્ર શાહ, હયદર અલી જીવાણી, રાહુલ શુક્લ, પન્ના નાયક, હંસા જાની, પ્રવીણ પટેલ 'શશી', ચંદુ શાહ જેવા સમર્થ સર્જકોની રચનાઓ પ્રગટ થતી રહી. ભાવકોનાં સર્જકો પ્રતી વધામણાં વહેતાં રહ્યાં. સૌનો ખુબ આભાર અને ધન્યવાદ..ખાસ ધન્યવાદ સર્જક મીત્રોનો, જેમણે ઉલટભેર પોતાની કૃતી મહેફીલમાં ઉઝાજોડણીમાં પ્રકાશનાર્થે આપી.

બીજા વર્ષની શરુઆતમાં જ સન્ડે ઈ-મહેફીલમાં એક નવું છોગું ઉમેરાયું. અમેરીકાના વીખ્યાત કાર્ટુનીસ્ટ ભાઈ મહેન્દ્ર શાહનાં કાર્ટુનનું. વળી, સર્જકનું ચીત્ર તથા તેમનો 'હરનીશ શૈલી'માં પરીચય મુકવાનું પણ અહીંથી જ શરુ થયું. વાચકોએ આ બધું એટલા જ ઉમંગથી વધાવ્યું તેનો પણ અમને આનંદ છે.

વીશેષ આભાર ભાઈ હરનીશ જાનીનો. શારીરીક તકલીફો અને અન્ય અનેક રોકાણો છતાં હસતે મોઢે અને સૌને હસાવતાં હસાવતાં, સમગ્ર ઉપક્રમનો ભાર ઉપાડી લીધો. સમાપ્તીની આ મહેફીલમાં સૌને આનંદ વહેંચવાનો અંતીમ બોજો પણ તેમણે અને મહેન્દ્રભાઈએ ઉપાડી લીધો.

હજી કેનેડા, યુ.કે. વગેરે દેશોનાય સારી એવી સંખ્યામાં પ્રતીભાવાન સર્જક મીત્રોની કૃતીઓ સમાવી શકાઈ નથી તેનો અમને રંજ છે; પણ સન્ડે ઈ-મહેફીલની યાત્રા તો હજી ચાલુ જ છે . તેમનો લાભ પણ ક્રમશઃ લઈશું જ. તે અંગે પણ હરનીશભાઈએ સહકાર કરવાનું વચન આપ્યું છે માટે અમે ખાસ્સી હળવાશ અનુભવીએ છીએ. ભાઈ કીશોર રાવલ અને સૌ. કોકીલાબહેન રાવલની સહાય બદલ પણ એમનો ઉપકાર માનીએ છીએ.

સૌ સર્જક મીત્રો, વાચક-ભાવક મીત્રો અને વીશેષતઃ હરનીશભાઈ અને મહેન્દ્રભાઈના ઋણસ્વીકાર સાથે અને દીવાળી તથા નવા વર્ષની શુભેચ્છાઓ સાથે સૌને આવજો.......

--રતીલાલ ચંદરયા (હાલઃ લંડન), બળવંત પટેલ (ગાંધીનગર) અને ઉત્તમ ગજ્જર (સુરત)

'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર : uttamgajjar@hotmail.com

Happy New Year from the team of Gujaratilexicon & Utkarsh
October 22, 2006

Please visit www.gujaratilexicon.com <http://www.gujaratilexicon.com>
The first Gujarati e-Dictionary, sourced from nearly 2 Million words and read all the speeches and browse all the beautiful pictures for the Mumbai launch on 13th January AND the London launch on 9th July in full.

We are happy that the think magazine 'OPINION' has covered the London launch on 9th July in full. Please have a look at this beautiful Gujarati publication of LONDON and subscribe to receive OPINION on a regular basis.

You are invited to send your suggestions to
Ratilal Chandaria : e-mail:rpchandaria@comcraft.com
Ashok Karania: e-mail : ashok.karania@magnettechnologies.com